**PRESS MONITOR**

Publication : Lokmitra
Edition : Ahmedabad
Date : February 17, 2017

# એચએસઆઈએલ લિ. હિંદવેર સ્નોક્રેસ્ટ એર કૂલર્સની રંગબેરંગી શ્રેણી રજૂ કરી




નવી દિલ્હી, ભારતમાં સેનિટરીવેર બજારમાં આગેવાન બ્રાન્ડ હિંદવેરની પ્રમોટર એચએસઆઈએલ લિમિટેડે આજે તેની બ્રાન્જ હિંદવેર સ્નોક્રેસ્ટ હેઠળ ચેન્જિયેબલ રંગબેરંગી ફ્રન્ટ પેનલો સાથે એર કૂલરોની નવી રેખા રજૂ કરી હોવાની જાહેરાત કરી હતી. એર કૂલરોની આ નવી રેખાની રજૂઆત એચએસઆઈએલના સદાબહાર અને વ્યાપક કન્ઝયુમર પ્રોડક્ટ્સ ડિવિઝનને વધુ ગતિશીલ બનાવશે. રૂ. ૩૯૫૦ કરોડની એર કૂલરોની વૃદ્ધિ પામતી બજાર હાલમાં ૧૦ ટકાની ઓછી પહોંચ ધરાવે છે. જોકે નાણાકીય વર્ષ ૨૦૧૪થી ૨૦૧૭ દરમિયાન તેણે ૧૯ ટકાની સીએજીઆરે વૃદ્ધિ દર્શાવી છે. સંગઠિત બજારનું બજારના ફક્ત એકતૃતીયાંશ યોગદાન હોવાથી આ એર કૂલરોની શ્રેણી એચએસઆઈએલને તેની મોજૂદગીને વધી સમૃદ્ધ બનાવવામાં મદદ મળશે.

એચએસઆઈએલે રજૂ કરેલી એર કૂલરોની નવી શ્રેણીમાં ડેઝર્ટ, પર્સનલ અને વિંડો શ્રેણીઓ ૧૮ લિટરથી ૧૦૦ લિટરની શ્રેણીના ચૌદ મોડેલોમાં ઉપલબ્ધ છે. ચુનંદા મોડેલોમાં ઉપલબ્ધ ચેન્જિયેબલ કલર પેનલો હાલમાં ત્રણ રંગોમાં મળશે, જેમાં પ્રીમિયમ પર્પલ, બ્રિક રેડ અને આઈસી ગ્રેનો સમાવેશ થાય છે. ૩૮૦૦ ઘ૩/ર્ સુધી ઉચ્ચ એર ડિલિવરી દર સાથે આ સિરીઝ વીજ ઉપભોગ ઓછો કરે અને ઉત્તમ કૂલિંગ આરામ આપે તે રીતે તૈયાર કરવામાં આવ્યું છે. આ નવા પ્રવાહનાં કૂલરોની શ્રેણી રૂ. ૮૯૯૦થી શરૂ થાય છે અને તે રૂ. ૧૭,૯૯૦ સુધી જાય છે. (૧૯-૮)